**Meeting With Director HRD.** **<u>Dtd. 10.07.2009 ચર્ચાના મુખ્ય મુદ્દાઓ</u> :**

COM. VAN NAMOODIRI એ તા. ૧૦.૦૭.૨૦૦૯ ના રોજ શ્રી ગોપાલ દાસ, DIRECTOR (HRD) ની મુલાકાત લઈ નીચે જણાવેલ બાબતો અંગે ચર્ચા કરી હતી.

- **<u>પ્રમોશન પોલીસી</u>** : પ્રમોશન પોલીસી ને DOT તરફથી મંજૂરી મળી ગઈ હોવાથી સત્વરે પ્રમોશન પોલીસી ના ઓર્ડર ઈસ્યુ કરવા અંગે આપણા યુનિયન તરફથી રજુઆત કરવામાં આવી. DIRECTOR (HRD) ના જણાવ્યા મુજબ DOT તરફથી BSNL ને મંજૂરી મળે એટલે વિના વિલંબે પ્રમોશન પોલીસી ના ઓર્ડર કરી દેવામાં આવશે.

- **<u>વેઈજ નેગોશીએશન</u>** : COM. VAN NAMOODIRI દ્વારા વેઈજ નેગોશીએશન કમીટીના ચેરમેન ની સત્વરે નિમણુંક કરવાની રજૂઆત કરવામાં આવી. આ અગાઉના ચેરમેનશ્રી સેવાનિવૃત થતાં ચેરમેન, વેઈજ નેગોશીએશન કમીટીની જગ્યા ખાલી છે. COM. VAN NAMBOODIRI એ DIRECTOR (HRD) ના ચેરમેન હોવા જોઈએ તેવું પણ સુચન કર્યુ. DIRECTOR (HRD) એ જરૂર મુજબ વેઈજ નેગોશીએશન કમીટી ની મીટીગ માં હાજર રહેવાનું અને ચેરમેન ની સત્વરે નિમણુંક કરવાની ખાતરી આપી.

- **<u>NATIONAL COUNCIL COMMITTEES</u>** : COM. VAN NAMBOODIRI દ્વારા NATIONAL COUNCIL ની જુદી જુદી સમિતિઓની પુનઃ રચના કરવાનું સુચન કરવામાં આવ્યું. DIRECTOR (HRD) ટૂંક સમયમાં આ અંગે ઘટતું કરશે.

- **<u>ગુડગાવ ના વિસ્તારમાં ૩૦ % HRA ની ચૂકવણી</u>** : આ અંગે DOT ને PROPOSAL મોકલી આપી યોગ્ય પગલાં લેવાશે.